# મહેસાણા દૂધસંઘના સત્તાધીશ દ્વારા કરવામાં આવી રહેલ હળાહળ જુઠ્ઠા અને ભ્રામક પ્રચારનો અમુલ ફેડરેશનના નિયામક મંડળ દ્વારા ખુલાસો

**મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિમિટેડ, દૂધસાગર ડેરી, મહેસાણાના હાલના સત્તાધીશો દ્વારા સમાચારપત્રો, ટીવી અને સોશ્યિલ મીડિયા થકી અમુલ ફેડરેશનને મહેસાણા દૂધ સંઘની આર્થિક નબળી પરિસ્થિતિ માટે જવાબદાર ઠેરવવામાં આવે છે. હવે જયારે મહેસાણા દૂધ સંઘ દ્વારા સતત આક્ષેપો કરીને વહીવટકર્તાઓ પોતાના બેફામ ગેરવહીવટનો પૂરો દોષ ફેડરેશન પર ઢોળવા માંગે છે અને મહેસાણા જીલ્લાના દૂધ ઉત્પાદકોને ગેરમાર્ગે દોરવાનો આશય હોય, આ તબક્કે અમારું મૌન આપના આક્ષેપોની સ્વીકૃતિ ના બની રહે અને મહેસાણા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘના સર્વે હિતેચ્છુ સુધી સત્ય હકીકત પહોંચે તે હેતુથી અમોએ આ ખુલાસો અત્યંત ખિન્ન અને ભગ્ન હ્રદયે લખી રહેલ છે અને જો આ કારણથી અમારાથી મર્યાદા ઉલ્લંઘન થયું હોય તો ક્ષમ્ય ગણશોજી.**

### ૧) ગુજરાત બહારના પ્રાઈવેટ મિલ્ક પ્લાન્ટઃ

મહેસાણા દૂધ સંઘ દ્વારા રાજસ્થાન અને હરિયાણા રાજ્યમાંથી દૂધ સંપાદન કરીને ગુજરાત બહારના દૂધ ઉત્પાદકોને અંદાજિત રૂ. ૨૦થી –૩૦ પ્રતિકિલોગ્રામ ફેટના ભાવ મહેસાણા દૂધ સંઘના દૂધ ઉત્પાદકો કરતા વધુ ચુકવવામાં આવે છે.

મહેસાણા દૂધ સંઘ દ્વારા મહેસાણાની **૧,૩૨૭** મંડળીઓ થકી દૂધ સંપાદન કરવામાં આવે છે અને રાજસ્થાન અને હરિયાણાના **૫,૦૦૦** ગામડાઓમાંથી દૂધ સંપાદન કરવા આવે છે.

**આના માટે જવાબદાર કોણ?**

તે ઉપરાંત વર્ષ ૨૦૧૭ – ૧૮ દરમિયાન મહેસાણા દૂધ સંઘ દ્વારા અમુલ ફેડરેશન અને તેના નિયામક મંડળના સભ્યોની વિનંતીનો ધરાર ઉલ્લંઘન કરીને ગુજરાત રાજ્ય બહારથી રોજનું ૧૨.૦૦ લાખ લીટર દૂધ સંપાદિત કરવામાં આવ્યું. આમ મહેસાણા દૂધ સંઘ દ્વારા વર્ષનો ૧૫,૦૦૦ મેટ્રિક ટન પાવડર વધુ બનાવવામાં આવ્યો આમ દૂધ સંઘ દ્વારા રાજસ્થાન અને હરિયાણાના દૂધ ઉત્પાદકો પાસેથી ઊંચા ભાવે દૂધ સંપાદિત કરીને અને તેનો પાવડર બનાવીને મહેસાણા દૂધ સંઘને **રૂ. ૪૮૦ કરોડની** ખોટ કરાવેલ છે અને તેનો સીધો બોજો મહેસાણાના દૂધ ઉત્પાદકોને થયો.

**આના માટે જવાબદાર કોણ?**

### ૨) કેટલફીડની મફતમાં લ્હાણીઃ

મહેસાણા દૂધ સંઘ દ્વારા, મહારાષ્ટ્રના ખેડૂતોને **રૂ. ૨૨.૫૦ કરોડની** કિંમતનું **૧૩,૭૩૧ મેટ્રિકટન દાણ** મફતમાં સરકારશ્રી/અમુલ ફેડરેશન/મહેસાણા દૂધ સંઘના નિયામક મંડળની મંજુરી વગર આપવામાં આવ્યું છે. મહેસાણા દૂધ સંઘના સત્તાધીશો દ્વારા તેમના દ્વારા મફતમાં આપવામાં આવેલ કેટલફીડના નિર્ણયને વિવિધ કોર્ટમાં પડકારેલ અને અંદાજિત રૂ. ૫૦ – ૬૦ કરોડનો ખર્ચો કરવામાં આવેલ. સરકારશ્રી દ્વારા પણ તત્કાલીન ચેરમેનને રૂ. ૨૨.૫૦ કરોડ મહેસાણા દૂધ સંઘમાં જમા કરાવવાનો આદેશ. નામદાર સુપ્રીમકોર્ટના ઓર્ડર નંબર ૧૬૭૨૭/ ૨૦૧૮ તારીખ ૧૦/૦૫/૨૦૧૮ થી આ અંગે કોઈ પણ છૂટ આપવાની મનાઈ ફરમાવેલ છે.

મહેસાણા દૂધસંઘના ચેરમેનશ્રી દ્વારા તેમના પત્ર નંબર ૨૨૬૯૬ તારીખ ૩૧/૦૧/૨૦૧૯ થી મહારાષ્ટ્રમાં આપવામાં આવેલ પશુઆહારની રકમ ચૂકવા માટે જણાવેલ અને તેમાં ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રીના ગુણગાન ગયેલ. આ પત્રથી સાબિત થાય છે કે મહેસાણા દૂધ સંઘ દ્વારા આ મુદ્દાને રાજકીય રંગ આપીને લાભ ખાટવા માંગે છે.

**આના માટે જવાબદાર કોણ?**

### ૩) ધારુહેડા, કડી, હાંસાપુર અને જગુદણમાં ખોટા રોકાણોઃ

ધારુહેડા ખાતે મહેસાણા દૂધ સંઘ દ્વારા ૩૦ લાખ લીટર પ્રતિ દિવસનો પ્લાન્ટ **રૂ. ૩૦૦ કરોડથી** વધુના ખર્ચે સ્થાપવામાં આવ્યો અને મહેસાણા દૂધ સંઘના **રૂ. ૩૦૦ કરોડનું** ખોટું એંધાણ કરેલ છે. વધુમાં મહેસાણા દૂધ સંઘના આ પ્લાન્ટને વેચાણમાં મુકવા માટે સપ્ટેમ્બર ૨૦૧૭ માં જાહેરખબર આપવામાં આવેલ પરંતુ તેને ખરીદનાર કોઈ પાર્ટી મળેલ નહિ.

કડી અને હાંસાપુર ખાતે અનુક્રમે ૨.૩ અને ૧.૫ લાખ લીટર પ્રતિ દિવસનો દૂધ પેકેજીંગ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ જેની કોઈ પણ પ્રકારની મંજુરી ફેડરેશન પાસેથી લીધેલ નહતી અને રૂ. ૮૦ કરોડનું ખોટું આંધણ.

વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન દૂધ સંઘ દ્વારા દૂધ સંપાદન માત્ર **૧૬ લાખ** લીટર પ્રતિદિવસ હતું જેની સામે દૂધ સંઘ દ્વારા **૭૦ લાખ લીટર** પ્રતિદિવશની ક્ષમતાવાળા પ્લાન્ટ બનાવવામાં આવ્યા.

**આના માટે જવાબદાર કોણ?**

મહેસાણા દૂધ સંઘ દ્વારા ઉબખલ અને બોરીયાવી સિવાય, જગુદણ ખાતે ૧૦૦૦ મેટ્રિકટન પ્રતિ દિવસ ની ક્ષમતાનો કેટલફીડ પ્લાન્ટ **રૂ. ૫૦ કરોડના ખર્ચે બનાવવામાં** આવ્યો છે. હાલમાં, દૂધ સંઘ દ્વારા તેમનો કેટલફીડ પ્લાન્ટની ૨૦૦૦ મેટ્રિકટન પ્રતિ દિવસની ક્ષમતા સામે માત્ર ૬૦૦ મેટ્રિકટન પ્રતિ દિવસ કેટલફીડ બની રહેલ છે.

**આના માટે જવાબદાર કોણ?**

### ૪) પાવડરનું સસ્તા ભાવે સીધું વેચાણ કરતા મોટી ખોટઃ

પાછલા વર્ષોમાં મહેસાણા દૂધ સંઘ દ્વારા ફેડરેશનની સલાહને અવગણીને ગુજરાતની બહારથી વિપુલ જથ્થામાં દૂધની ખરીદી ઊંચા ભાવે કરવામાં આવેલ અને ફેડરેશનની જાણ બહાર પ્રાઈવેટ પાર્ટીઓને પાવડરનું સીધું વેચાણ કરીને અંદાજીત રૂ. ૩૫ કરોડની ખોટ ગયેલ છે.

**આના માટે જવાબદાર કોણ?**

### ૫) દિલ્હી ખાતે બંગલો અને ઓફીસની ખરીદીઃ

મહેસાણા દૂધ સંઘ દ્વારા ચાણક્યપૂરી, દિલ્હી ખાતે અંદાજીત **રૂ. ૧૮ કરોડના ખર્ચે બંગલો** અને અમદાવાદ ખાતે **રૂ. ૩ કરોડના ખર્ચે ઓફીસ ખરીદવામાં** આવી છે. આ ઓફિસ અને બંગલા સારસંભાળ માટે ૨૦ – ૨૫ વ્યક્તિઓની ભરતી કરવામાં આવી.

**આના માટે જવાબદાર કોણ?**

ઉપરના મુદ્દાઓ ઉપરાંત અન્ય કારણોસર મહેસાણા દૂધ સંઘ ઉપર ખુબ જ મોટી લોનનો બોજો છે અને દૂધ સંપાદન સતત ગતિ રહ્યું છે.

### મસમોટી લોન અને વ્યાજનો બોજોઃ

ગત વર્ષ દરમિયાન મહેસાણા દૂધ સંઘ દ્વારા ચુકવવામાં આવેલ કુલ બેંક લોન અને ગુજરાતમાંથી કરવામાં આવેલ દૂધ સંપાદનની ત્રણ મોટા દૂધ સંઘ સાથેની સરખામણી નીચેના ટેબલ મુજબ છે.

| વર્ષ | સાબરકાંઠા | ખેડા | બનાસકાંઠા | મહેસાણા |
|---|---|---|---|---|
| કુલ બેંક લોન ૩૧ માર્ચ ૨૦૧૮ ના રોજ (કરોડમાં) | ૨૩૧ | ૨૮૧ | ૭૩૩ | ૧૫૫૮ |
| ગુજરાતમાંથી એવરેજ દૂધ સંપાદન વર્ષ ૨૦૧૮ –૧૯ દરમિયાન (લાખ લીટર પ્રતિ દિવસ) | ૨૭ | ૨૭ | ૫૫ | ૨૦ |

મહેસાણા દૂધ સંઘ દ્વારા, વ્યાજ અને ઘસારા રૂપે અંદાજીત દર વર્ષે રૂ. ૨૫૦ કરોડનું ચુકવણું કરવાનું છે આ પરિસ્થિતિમાં હાલના દૂધ સંપાદનને ધ્યાનમાં રાખતા મહેસાણા જીલ્લાના દૂધ ઉત્પાદકોને પ્રતિ લીટર રૂ. ૪/– (રૂ. ૫૫ – ૬૦ પ્રતિ કિલો ફેટ) ઓછા ભાવ મળશે. મહેસાણા દૂધ સંઘ દ્વારા તેમના દૂધ સંપાદન અને દૂધના ભાવની ગણતરી કરીએ તો તેઓ બનાસકાંઠા અને સાબરકાંઠા દૂધ સંઘ કરતા અંદાજિત **રૂ. ૩૦૦ કરોડ થી ૪૦૦ કરોડ** રૂપિયા ઓછા આપી રહેલ છે.

**દૂધ સંપાદનમાં સતત ઘટાડોઃ** દૂધ સંઘના મિલ્ક શેડ વિસ્તારમાં દૂધનું ઉત્પાદન વધવા છતાં દૂધ સંપાદનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. મહેસાણા દૂધ સંઘ અને તેની સાપેક્ષમાં ખેડા, સાબરકાંઠા અને બનાસકાંઠા દૂધ સંઘ દ્વારા તેમના મિલ્ક શેડ વિસ્તારમાંથી પાછલા દસ વર્ષમાં સંપાદિત કરવામાં આવતા દૂધની વિગતો નીચેના ટેબલ મુજબ છે.

**ગુજરાતમાંથી એવરેજ દૂધ સંપાદન (લાખ લીટર પ્રતિ દિવસ)**

| વર્ષ | ૨૦૦૮–૦૯ | ૨૦૧૧ –૧૨ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ | %વધારો/ ઘટાડો |
|---|---|---|---|---|---|
| બનાસકાંઠા | ૧૭.૪૨ | ૨૧.૯૯ | ૪૦. ૩૩ | ૪૩.૫૦ | ૧૪૩ |
| ખેડા | ૧૨.૪૭ | ૧૪.૭૫ | ૧૯.૯૮ | ૨૨.૩૨ | ૭૪ |
| સાબરકાંઠા | ૧૦.૬૭ | ૧૧.૨૭ | ૨૧.૦૧ | ૨૩.૭૦ | ૧૧૬ |
| મહેસાણા | ૧૭.૭૧ | ૧૫.૪૩ | ૧૭.૬૨ | ૧૮.૭૮ | ૩ |

ફેડરેશન અને તેને સંલગ્ન સંસ્થાઓ માનનીય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી ત્રિભુવનદાસ પટેલ, શ્રી મોતીભાઈ, શ્રી માનસિંગભાઈ અને ડો. કુરિયનની નિઃસ્વાર્થ ભાવનાઓ અને અથાગ પ્રયત્નો પછી ઉભી થયેલ છે. અમે આપને ખાતરી આપીએ છીએ કે ફેડરેશન દ્વારા તેના દૂધ સંઘો તરફ કોઈપણ જાતનો ભેદભાવ રાખવામાં આવતો નથી.

અમે આશા રાખીએ છીએ કે અમારા દ્વારા રજુ કરવામાં આવેલ આંકડા અને હકીકતો સાથે આપ સહમત થશો અને દૂધ સંઘના ખોટા રોકાણ માટે ફેડરેશનના માથે દોષનો ટોપલો ના ઢોળતા આપના નિયામક મંડળના સભ્યો અને દૂધ સંઘના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરીને ભવિષ્ય માટે યોગ્ય આયોજન કરશો. અમે આશા રાખીએ છે કે અમારા દ્વારા અત્રે રજુ કરવામાં આવેલ આંકડા અને હકીકતો આપના પ્રશ્નોનો યોગ્ય જવાબ આપી શક્યા હશે.

આભાર સહ

નિયામક મંડળ વતી
ચેરમેન
અમુલ ફેડરેશન

Amul
The Taste of India

સહકારી દૂધ વિતરણ સંઘ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com